# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-12-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. રાષ્ટ્રપતિએ વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન-ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી બિલ, 2025 ને મંજૂરી આપી
2. અમદાવાદના લોથલમાં રાષ્ટ્રીય સમુદ્રી વિરાસત સંકુલ પર સહકાર માટે ભારત અને નેધરલૅન્ડ્સ વચ્ચે સમજૂતી કરાર થયા
3. ગાંધીનગરમાં વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, યોગ અને ધ્યાન એ વર્તમાન સમયની જરૂરિયાત.
4. બનાસકાંઠામાં 24 લાખ રૂપિયાથી વધુનો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત
5. રાજ્યમાં આગામી બે દિવસ બાદ ઠંડીનું જોર વધવાની આગાહી.
6. ઉત્તરપ્રદેશમાં યોજાયેલી ભાલાફેંક સ્પર્ધામાં નડિયાદનાં ખેલાડી અપકિશા ગામીતે કાંસ્ય ચંદ્રક જીત્યો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## REV. PREZ - GRAMG ASSENT EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન-ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી બિલ, 2025 ને મંજૂરી આપી છે.

સંસદે શિયાળુ સત્ર દરમિયાન આ બિલ પસાર કર્યું. આ કાયદો ગ્રામીણ પરિવારો માટે વૈધાનિક વેતન રોજગાર ગેરંટીને નાણાકીય વર્ષમાં 125 દિવસ સુધી લંબાવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે આ ગ્રામીણ રોજગાર નીતિમાં સુધારા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ કાયદો સશક્તિકરણ, સમાવિષ્ટ વિકાસ, વિકાસ પહેલનો તાલમેલ અને જરૂરિયાતમંદોને લાભ પૂરા પાડવા માટે પ્રોત્સાહન આપે છે. વિકસિત ભારત- જી રામ જી કાયદો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) 2005 ના સ્થાને  લાવવામાં આવ્યો છે.

----------

## G RAM G BYTE PATAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિકાસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન-ગ્રામીણ વિકાસિત ભારત- જી રામ જી બિલ, 2025 ને મંજૂરી આપી છે.

આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી આપી છે. પાટણના સ્થાનિક ઈશ્વર પરમારે આ અંગે પ્રતિક્રિયા આપી.

**(BYTE: ISHWAR PARMAR, LOCAL PERSON)**

----------

## INDIA NETHERLANDS MoU

ભારત અને નેધરલૅન્ડ્સે અમદાવાદના લોથલમાં રાષ્ટ્રીય સમુદ્રી વિરાસત સંકુલ – NMHC પર સહકાર માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. તાજેતરમાં નવી દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર અને નેધરલૅન્ડ્સના વિદેશ મંત્રી ડૅવિડ વાન વીલ વચ્ચે દ્વિપક્ષીય બેઠકમાં આ કરાર થયા. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું, આ કરારનો ઉદ્દેશ દરિયાઈ વારસા, સંગ્રહાલય ડિઝાઈન અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં વૈશ્વિક સહકારને પ્રોત્સાહન આપવાનો છે.

આ કરાર હેઠળ બંને પક્ષ દરિયાઈ સંગ્રહાલય ડિઝાઈન, ઉપચાર તથા સંરક્ષણમાં જ્ઞાન, કુશળતા અને શ્રેષ્ઠ પ્રથાનું આદાનપ્રદાન કરવા સહયોગ કરશે. આ ભાગીદારી સંયુક્ત પ્રદર્શન, સંશોધન પરિયોજનાઓ અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમને પણ પ્રોત્સાહન આપશે તેમજ મુલાકાતીઓના અનુભવ, શિક્ષણ અને જાહેર સંપર્કને સુધારવા નવી રીત શોધશે.

----------

## GNR VISHWA DHYAN DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્તમાન સમયની જીવનશૈલીમાં યોગ અને ધ્યાન ધરવાની જરૂરિયાત પર ભાર આપ્યો. ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય યોગ બૉર્ડના યોગ કૉચ અને યોગ ટ્રેનરના પદવીદાન સમારોહ તથા વિશ્વ ધ્યાન દિવસ ઉજવણી કાર્યક્રમને સંબોધતાં શ્રી પટેલે ધ્યાન-ને ભારતની પ્રાચીન પરંપરામાંથી ઉપજી આવેલું અમૂલ્ય વરદાન ગણાવ્યું. તેમણે યોગ અને ધ્યાનની પ્રાચીન પરંપરાને જન આંદોલન બનાવવા પણ લોકોને અપીલ કરી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

----------

## STATE TET 1 EXAM

રાજ્યમાં આજે 91 હજાર 627 જેટલા ઉમેદવારે શિક્ષક યોગ્યતા કસોટી – TET – 1ની પરીક્ષા આપી. રાજ્ય પરીક્ષા બૉર્ડ દ્વારા ધોરણ એકથી પાંચ માટે પ્રાથમિક શિક્ષક અને વિદ્યાસહાયકની જગ્યા માટે આ પરીક્ષા યોજાઈ. અમદાવાદ શહેર, ગ્રામ્ય, સુરત, રાજકોટ અને વડોદરામાં 511 જેટલા કેન્દ્ર પર લેવાયેલી પરીક્ષામાં નવ હજાર 891 જેટલા ઉમેદવાર ગેરહાજર રહ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

## BANASKANTHA NAKLI GHEE

બનાસકાંઠામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ 24 લાખ રૂપિયાથી વધુનો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે, ચંડીસર ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – G.I.D.C. પાલનપુર ખાતે શંકાસ્પદ ઘીનું ઉત્પાદન, સંગ્રહ અને વેચાણની માહિતી મળતાં તંત્રએ દરોડા પાડી આ જથ્થો કબજે કર્યો હતો.

તપાસ દરમિયાન શંકાસ્પદ ઘી અને ભેળસેળમાં ઉપયોગમાં લેવાતી વસ્તુના નવ નમૂના લઈ તેને ખાદ્ય પ્રયોગશાળામાં મોકલાયા છે. આ સાથે જ જવાબદારો સામે ખાદ્ય સલામતી અને ધારાધોરણ કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ છે.

----------

# STATE WEATHER

રાજ્યમાં આગામી બે દિવસ બાદ ઠંડીનું જોર ફરી વધવાની આગાહી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, પૂર્વ દિશાના ઠંડા પવનના કારણે ઠંડીનો ચમકારો અનુભવાશે. જોકે, ઠંડી વધશે, પણ રાજ્યમાં પશ્ચિમી વિક્ષેપના કારણે એકસાથે બે ઋતુની અસર પણ જોવા મળી શકે છે.

**(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AMDAVAD)**

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી ઓછું 13.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું છે. જ્યારે વડોદરામાં 14.4, દીવમાં 14.8, ભાવનગરમાં 15.4, ગાંધીનગરમાં 16, અમદાવાદમાં 17 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

----------

# GUJ KHELADI MEDAL

રાજ્યનાં ખેલાડી અપકિશા ગામીતે ઉત્તરપ્રદેશમાં ભાલાફેંક રમતમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. લખનઉમાં યોજાયેલી 69-મી રાષ્ટ્રીય શાળા રમતમાં તેમણે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું. અપકિશા ગામીતે આ સ્પર્ધાની જૅવેલિન થ્રો ઇવેન્ટમાં 46.78 મીટર દૂર ભાલો ફેંકી તેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

નડિયાદ સ્ટેટ એથ્લેટિક્સ અકાદમી ખાતે હાલ તાલીમ લઈ રહેલાં આ ખેલાડીને ગુજરાત રાજ્ય રમતગમત સત્તામંડળ સહિત તેમનાં પ્રશિક્ષક સહિતના તમામ લોકોએ અભિનંદન પાઠવ્યાં છે.

----------

## MAHISAGAR -BALASINOR - JAUNDIES

મહીસાગરના બાલાસિનોર નગર વિસ્તારમાં કમળાના વધતા કેસને લઈને કલેક્ટર અર્પિત સાગરે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઇ પાણીની ટાંકીઓ અને આરોગ્ય વિભાગના સરવેનું નિરીક્ષણ કર્યું. બાલાસિનોરમાં હાલ આરોગ્ય વિભાગની 52 ટીમો સરવે કરી રહી છે. કલેક્ટરે લોકોને પાણીજન્ય રોગથી સતર્ક રહેવા જણાવ્યું.

(BYTE- ARPIT SAGAR, COLLECTOR, MAHISAGAR)

બાલાસિનોર નગરમાં તાત્કાલિક ધોરણે ઉપયોગ માટે પાણીના ટેન્કર પણ મૂકાયા છે.

----------

## NARI SHAKTI MELO- DISTRICT

રાજ્યભરમાં યોજાયેલા ત્રણ દિવસના સશક્ત નારી મેળાની આજે પૂર્ણાહુતિ થઇ. ડાંગના સાપુતારા ખાતે યોજાયેલા મેળામાં ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક વિજય પટેલે જણાવ્યુ હતું કે અનેક યોજનાઓ થકી મહિલાઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે.

(BYTE – VIJAY PATEL, Nayab Mukhya Dandak)

----------

# PANCHMAHAL RAJYAPAL

પંચમહાલમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિવિજ્ઞાન વિશ્વ-વિદ્યાલય ખાતે પ્રાકૃતિક ખેતી, પ્રાકૃતિક ચિકિત્સા, યોગ અને ધ્યાન વિષય અંગે આંતર-રાષ્ટ્રીય સંમેલન યોજાયું. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું, યોગ, પ્રાણાયામ, ધ્યાન અને પ્રાકૃતિક ચિકિત્સાને સંપૂર્ણ જીવનશૈલી ગણાવી. જ્યારે કૃષિમંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, રાજ્યમાં અત્યાર સુધી આઠ લાખ ખેડૂત પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે.

----------